જૂથ ગ્રામ પંચાયતો/ ગ્રામ પંચાયતોના વિભાજન કરવા અને ગામોને સ્વતંત્ર ગ્રામ પંચાયત આપવા અંગેના ધોરણો.

ગુજરાત સરકાર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પરિપત્ર ક્રમાંક- વભન-૧૦૯૯-૩૩૭૧-ચ,

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૭/૧૦/૨૦૧૬

*વંચાણે લીધાઃ-* પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૨૫/૫/૨૦૦૦નોપરિપત્ર ક્રમાંકઃ વભન-૧૦૯૯-૩૩૭૧-ચ,

*પરિપત્ર-*

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપરોકત વંચાણે લીધેલ તા.૨૫/૫/૨૦૦૦ના પરિપત્રથી જૂથ ગ્રામ પંચાયતો/ ગ્રામ પંચાયતોના વિભાજન કરવા અને ગામોને સ્વતંત્ર ગ્રામ પંચાયત આપવા અંગેના ધોરણો નક્કી કરવામાં આવેલ છે.

તા.૨૫/૫/૨૦૦૦ના પરિપત્રના ક્રમ (૪)થી થયેલ જોગવાઇ મુજબ માત્ર અંતરના માપદંડમાં જે ગામની માથાદીઠ વાર્ષિક આવક રૂ.૨૫/- કે તેથી વધારે હોય ત્યાં બે ગામો વચ્ચેના અંતરના માપદંડમાં એક કીલોમીટર સુધીની છૂટછાટ આપી શકાશે તેવી જોગવાઇ છે. આ છૂટછાટ સિવાય વિભાજન કરવા અંગેના એક અથવા એક કરતાં વધુ માપદંડો જળવાતાં ન હોય તેમ છતાં અપવાદરૂપે જે તે ગામની સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇને માપદંડોમાં છૂટછાટ આપીને વિભાજન કરવું યોગ્ય જણાતું હોય તો અન્ય માપદંડમાં પણ છૂટછાટ આપીને વિભાજન કરી શકાય તે અંગે તા.૨૫/૫/૨૦૦૦ના પરિપત્રમાં છૂટછાટ અંગે થયેલ જોગવાઇમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| | |
|---|---|
| *(૪) છૂટછાટ* | (૧) "જે ગામની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૨૫/- કે તેથી વધારે હોય ત્યાં બે ગામો વચ્ચેના અંતરમાં એક કીલોમીટરની છૂટછાટ આપી શકશે"<br>(૨) "તા.૨૫/૫/૨૦૦૦ના પરિપત્રથી નક્કી થયેલા ધોરણોમાં એક અથવા એક કરતાં વધુ માપદંડો જળવાતા ન હોવા છતાં અપવાદરૂપે જે તે ગામની સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઇને કોઇ એક અથવા એક કરતાં વધુ માપદંડોમાં છૂટછાટ આપીને વિભાજન કરવાની સત્તા માન. મંત્રીશ્રી(પંચાયત)ને રહેશે." |

તા. ૨૫/૫/૨૦૦૦ના પરિપત્રની અન્ય જોગવાઇઓ યથાવત રહશે.

આ પરિપત્ર સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૬/૧૦/૨૦૧૬ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

*પ્રતિ,*

- માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત), સ્વતંત્ર હવાલોના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.